| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯/૦૨/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૧૯/૦૨/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| વ્યતિત સમય | વર્ષઃ૦૦,માસઃ૦૧, દિવસઃ૨૧ |

**વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામઃ વીંછિયા.**

**ફોજદારી કેસ નંબરઃ-૯૧/૨૦૨૬**
**આંકઃ-**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |

**-- વિરૂદ્ધ --**

**આરોપી** **વિશાલભાઈ વિનુભાઈ હાંડા**
જાતે-કોળી, ઉ.વ.-૨૭, ધંધો-ખેતી
રહે. દલડી, તા.વીંછિયા, જિ.રાજકોટ.

| |
|---|
| **ગુન્હો- ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ- ૬૫(એ,એ) મુજબ** |

| | |
|---|---|
| **સરકાર પક્ષે** | સરકારી વકીલશ્રીઃ **શ્રીમતી કે.એમ.ચૌધરી** |
| **બચાવ પક્ષે** | વિદ્વાન વકીલ શ્રીઃ **બી.આર.રાઠોડ** |

**//જજમેન્ટ//**

**કેસની ટૂંકી હકીકત :**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૫ના ક. ૧૮.૧૫એ ગેર કાયદાસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજામાં દેશી દારૂ -૦૧ લીટર- કિંમત રૂ. ૨૦૦/- રાખી હાજર મળી આવતા ગુન્હો કરેલ

હોય જેથી **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ,એ) મુજબનો** શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે આવશ્યક કાર્યવાહી હાથ ધરી આરોપી વિરુદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી:</u>**

**૨.** સદર ચાર્જશીટ ના કેસના પેપર્સ વંચાણે લઈને આરોપી વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હેતુથી સમન્સ કાઢતા આરોપી ઠરાવ તારીખે વિ.વ.શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ **આંક–૦૫** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને **આંક–૦૬** થી પ્લી રજુ થયેલ છે. જેમાં તેઓએ ગુનો કબુલ કર્યો નથી. જેથી આરોપી વિરુદ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** આ કામના આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે.

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | ફરિયાદી લાલજીભાઈ સવજીભાઈ ગઢાદરાનો પુરાવો | ૦૬ |
| ૨) | સ્થા.જગ્યાના પંચ સાહેદ મુકેશભાઈ દેવજીભાઈ તાવીચાનો પુરાવો | ૧૦ |
| ૪) | સાહેદ ત.ક.અ. મનોજભાઈ ગોરધનભાઈ ડાભીનો પુરાવો | ૧૨ |

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | ફરિયાદ | ૦૯ |
| ૨) | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૧ |
| ૩) | ડેપ્યુટ હુકમ | ૧૩ |

**૪.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક રજૂઆતથી ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપીનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન નોંધતા તેઓએ પોતાની સામેના આક્ષેપોનો ઇન્કાર કરી પોતાને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલા હોવાનું જણાવીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૫. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તરફે તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી

૬. ઉપરોકત કેસની હકીકતો, સંજોગો અને રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીઓ ની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-// મુદ્દા //-**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૫ના ક. ૧૮.૧૫એ ગેર કાયદાસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજામાં દેશી દારૂ -૦૧ લીટર- કિંમત રૂ. ૨૦૦/- રાખી **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(એ,એ)** મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**૭.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

**<u>મુદ્દા નં.૧:</u>**

૮. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઇ અપવાદનો લાભ લેવા માંગતા હોય તો તેમણે **ભારતીય સાક્ષ્ય સંહિતાની કલમ-૧૦૮** મુજબ સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમા જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. આમ, ઉપરોકત સિદ્ધાંતો ધ્યાને રાખતા ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમતને અનુરૂપ મુલ્યાંકન નીચે મુજબ કરવામા આવેલ છે.

૦૯. **ફરિયાદપક્ષે ફરિયાદી લાલજીભાઇ સવજીભાઇ ગઢાદરાનાઓને આંક ૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** તા. ૧૨/૦૪/૨૫ ના રોજ અમો વીંછીયા પો.સ્ટે. મા પો. કોન્સ. તરીકે અમારી ફરજ પર હાજર હતા ત્યારે અમો તથા પો હેડ કોન્સ. એમ. જી. ડાભીનાઓ સાથે વીંછીયા પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા

તે દરમ્યાન ફરતા–ફરતા રૂપાવટી ગામના પાટીયા પાસે પહોંચતા એક ઈસમ પોતાના હાથમાં થેલી લઈને ઉભો હોય જે અમો પોલીસને જોઈ આમ–તેમ કરવા લાગેલ જેથી ઈસમના હાથમા રહેલ થેલી ચેક કરતા તેમા કોથળી નંગ–ર દેશી દારૂ જેવુ પ્રવાહી પીણુ જોવામા આવેલ જેથી તુરંત જ તેને પકડી નજીકમાથી બે રાહદારી માણસોને પંચમા બોલાવી પંચો રૂબરૂ નામ–ઠામ પુછતા પોતે પોતાનુ નામ વિશાલભાઈ વિનુભાઈ હાંડા રહે. દડલીગામ તા.વીંછીયા હોવાનુ જણાવેલ. ત્યારબાદ ઈસમના હાથમા રહેલ થેલી ખોલી જોતા તેમાંથી કોથળી નંગ–ર જે દરેક ૫૦૦ એમ.એલ. ની ક્ષમતાવાળી જોવામા આવેલ બુંગીયાઓના મોઢા ખોલી જોતા તેમાથી કેફી પ્રવાહી દેશી દારૂ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય જેથી આ દેશી દારૂ જેવુ કેફી પ્રવાહી અંગે કોઈ પાસ પરમીટ કે આધાર હોય તો રજુ રાખવાનુ કહેતા નહી હોવાનુ જણાવેલ જેથી બંને કોથળીમાથી આશરે ૨૦૦ એમએલ જેટલુ પ્રવાહી ભરી લઈ એફએસએલ તપાસ અર્થે કબ્જે કરેલ. ત્યારબાદ બાકી રહેલ દેશી દારૂ જે આશરે લીટર ૧ જેની કિંમત રૂ. ૨૦૦/– ગણી તપાસ અર્થે કબ્જે કરેલ. ત્યારબાદ ઈસમ વિરૂધ્ધ પ્રોહી. ૬૫ એએ મુજબ અમોએ ફરીયાદ આપેલ. મને કોર્ટ રેકર્ડમાથી ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ જેને પુરાવામા રજુ દાખલ આંક ૦૯ આપવામા આવે છે. આરોપીને જોયેથી ઓળખી શકુ છુ. જે આજરોજ નામ. કોર્ટમા હાજર નથી. આરોપીની ઓળખ અંગેની તકરાર બચાવ પક્ષે જતી કરવામા આવેલ છે.

૯.૧. **ત્યારબાદ વિ.વ.શ્રી. દ્વારા ઉલટ તપાસ કરતા જણાવે છે કે,** એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રૂપાવટી–વીંછીયા રોડ જાહેર રસ્તો છે જેથી ઘણા બધા માણસો અને વાહનોની અવર–જવર રહે છે. અમો વીંછીયા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા જે વાહન લઈને ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ આપતા પહેલા પંચનામું વાંચેલુ. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપીનો માલિકી અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે પ્લાસ્ટીકની થેલી બજારમાંથી સહેલાઈથી મળી શકે. એ વાત ખરી છે કે આરોપી પાસેથી મળી આવેલ પ્રવાહી દારૂ છે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોય

અમારા ઉપરી અધિકારીને પ્રોહી. ને લગતા કેસો બતાવવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

૧૦. **ફરિયાદપક્ષે સ્થા. જગ્યાના પંચ સાહેદ મુકેશભાઇ દેવજીભાઇ તાવીયાનાઓને આંકઃ૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** આજથી નવેક મહીના પહેલા વીંછીયા પોલીસે અમોને વીંછીયા પો.સ્ટે. એ બોલાવેલ અને ત્યા એક લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી.તે સીવાય હુ બીજુ કઈ જાણતો નથી. મને કોર્ટ રેકર્ડમાંથી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે. જેમા મારી પંચ નં. ૧ તરીકે સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને પુરાવામા રજુ દાખલ આંક ૧૧ આપવામા આવે છે. **સદર સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી** ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાયી હકીકત જાણી શકેલ નથી.

૧૧. **ફરિયાદપક્ષે ત.ક.અ. મનોજભાઈ ગોરધનભાઈ ડાભી નાઓને આંકઃ૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,** તા. ૧૨/૦૪/૨૫ ના રોજ અમો વીંછીયા પો.સ્ટે. મા પો. હેડ કોન્સ. તરીકે અમારી ફરજ પર હાજર હતા ત્યારે અમો તથા પો કોન્સ. લાલજીભાઈ ગઢાદરાનાઓ સાથે વીંછીયા પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા-ફરતા રૂપાવટી ગામના પાટીયા પાસે પહોંચતા એક ઈસમ પોતાના હાથમાં થેલી લઈને ઉભો હોય જે અમો પોલીસને જોઈ આમ-તેમ કરવા લાગેલ જેથી ઈસમના હાથમા રહેલ થેલી ચેક કરતા તેમા કોથળી નંગ-૨ દેશી દારૂ જેવુ પ્રવાહી પીણુ જોવામા આવેલ જેથી તુરંત જ તેને પકડી નજીકમાથી બે રાહદારી માણસોને પંચમા બોલાવી પંચો રૂબરૂ નામ-ઠામ પુછતા પોતે પોતાનુ નામ વિશાલભાઈ વિનુભાઈ હાંડા રહે. દડલીગામ તા.વીંછીયા હોવાનુ જણાવેલ. ત્યારબાદ ઈસમના હાથમા રહેલ થેલી ખોલી જોતા તેમાંથી કોથળી નંગ-૨ જે દરેક ૫૦૦ એમ.એલ. ની ક્ષમતાવાળી જોવામા આવેલ બુંગીયાઓના મોઢા ખોલી જોતા તેમાથી કેફી પ્રવાહી દેશી દારૂ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય જેથી આ દેશી દારૂ જેવુ કેફી પ્રવાહી અંગે કોઈ પાસ પરમીટ કે આધાર હોય તો રજુ રાખવાનુ કહેતા નહી હોવાનુ જણાવેલ જેથી બંને કોથળીમાથી આશરે ૨૦૦ એમએલ જેટલુ પ્રવાહી ભરી લઈ એફએસએલ તપાસ અર્થે કબ્જે કરેલ. ત્યારબાદ બાકી રહેલ દેશી દારૂ જે આશરે લીટર ૧ જેની કિંમત રૂ. ૨૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરેલ. ત્યારબાદ ઈસમ વિરૂધ્ધ પ્રોહી. ૬૫એએ મુજબ સાથેના પો.

કોન્સ. લાલજીભાઈએ ફરીયાદ આપેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામ. કોર્ટમા હાજર નથી. બચાવ પક્ષે ઓળખ અંગેની તકરાર જતી કરવમા આવેલ છે.ત્યારબાદ પી.એસ.ઓ. દવારા અમોને તપાસ સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે અમોએ સ્થાનીક જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લઈ તેઓની સહી કરાવી ત્યારબાદ મે સહી કરેલી. જે સહીઓ હું ઓળખી બતાવુ છું જે સદર કામે આંક ૧૩ થી રજુ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

**૧૧.૧. ત્યારબાદ વિ.વ.શ્રી. દ્વારા ઉલટ તપાસ કરતા જણાવે છે કે,** એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રૂપાવટી–વીંછીયા રોડ જાહેર રસ્તો છે જેથી ઘણા બધા માણસો અને વાહનોની અવર–જવર રહે છે. અમો વીંછીયા વિસ્તારમા પેટ્રોલીંગમા હતા જે વાહન લઈને ગયેલા તે વાહનના રજીસ્ટ્રેશન નંબર ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપીનો માલિકી અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે પ્લાસ્ટીકની થેલી બજારમાં થી સહેલાઈથી મળી શકે. એ વાત ખરી છે કે આરોપી પાસેથી મળી આવેલ પ્રવાહી દારૂ છે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોય અમારા ઉપરી અધિકારીને પ્રોહી. ને લગતા કેસો બતાવવા હાલની ખોટી ફરીયાદને સમર્થ આપવા નામ. કોર્ટમા ખોટુ ચાર્જશીટ કરી સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

**૧૨. ઉપરોક્ત ચર્ચા કરેલ ફરિયાદીપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક પુરાવો જોતા,** ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. ફરિયાદીની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો એવું જણાવે છે કે, તેઓએ પંચો રૂબરૂ આરોપીના કબજામાંથી દારૂ જપ્ત કરેલ. જે સંદર્ભમાં આંક–૧૦ થી પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ એવું સ્વીકારે છે કે, તૈયાર પંચનામામાં સહી કરી આપેલી. જેથી એવું ફલિત થાય છે કે, તેઓએ સદર મુદ્દામાલ આરોપીના કબજામાંથી લીધો છે તે બાબતમાં કશું જાણતા નથી. જેથી સદર પંચ સાહેદની જુબાની વિશ્વસનીય જણાઈ આવતી નથી. આ કામના આરોપીએ તા.૧૨/૦૪/૨૦૨૫ના ક. ૧૮.૧૫એ ગેર કાયદાસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજામાં દેશી દારૂ –૦૧

લીટર– કિંમત રૂ. ૨૦૦/– રાખી મળી આવતા ગુનો કરી પકડાઇ જઇ **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫ (એ,એ) મુજબ** ના મુદ્દામાલ સાથે રાખી મળી આવી પકડાઇ ગયેલ હોય અને તે મુજબનું પંચો રુબરુ મુદામાલ કબજે કરવામા આવેલ છે પરંતુ પચ સાહેદની જુબાની જોવામા આવે તો તેઓએ ફકત તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવે છે. તેમજ બનાવવાળો વિસ્તાર જાહેર રસ્તો હોય અને માણસોની અવરજવર થતી હોવા છતાં આ કામે ફરીયાદીપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમા ફરીયાદીપક્ષે કબજે કરેલ દારુને એફ.એસ.એલ ખાતે મોકલાવેલ હોય કે એફ.એસ.એલનો કોઈ રીપોર્ટ આ કામે રજુ રાખેલ નથી. વધુમાં **માનસિંગ મુળુભાઇ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે .એક્સ.ગુજરાત ૨૩૮)** માં નામાદાર ગુજ.હાઇકોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઇ પંચ સાહેદો ફરિયાદીના કેસમાં સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતા હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય. જેથી આ કામે જે સાહેદનો પુરાવો રજૂ થયેલ જે પોલીસ સાહેદ છે અને પોલીસ સાહેદના પુરાવાને જ્યાં સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ન હોય ત્યાં સુધી તેના પુરાવા પર આધાર રાખી શકાય નહિ અને આ કામે પંચ સાહેદો ફરિયાદ પક્ષને સમર્થન કરતાં ન હોય જે હકીકત ધ્યાને લેતાં પર પોલીસ સાહેદના પુરાવાને તટસ્થ સાહેદના પુરાવાથી સમર્થન મળેલ ન હોય . જેથી આ કામે તપાસવામા આવેલ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદીપક્ષના કેસ સામે શંકા ફલિત થાય છે અને જયારે ઓછામાં ઓછી શંકા ફલિત થાય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ આ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે. જેથી **આંક–૦૯** માં જણાવેલ ફરીયાદની હકીકતો પુરવાર થતી નથી.

**૧૩.** જેથી આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્વલેષણ કરતા આ કામે ભોગ બનનાર ફરીયાદી છે તેઓની જુબાનીથી આરોપીઓ વિરૂદ્ધનું કોઇ ગુનાહિત કૃત્ય પુરવાર થતું નથી. આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા કાયદાની પરિસ્થિતિ જોતા, આ કામના આરોપીના કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવી હકીકત રજુ થયેલ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ ઉપરોક્ત આરોપી વિરુદ્ધ ગુનાની નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી મુદ્દા–૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા–૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃ આખરી હુકમ ઃ–

(૧) આ કામના આરોપી **વિશાલભાઇ વિનુભાઇ હાંડા** જાતે–કોળી, ઉ.વ.–૨૭, ધંધો–ખેતી રહે. દલડી, તા.વીંછિયા, જિ.રાજકોટ.નાઓને બી.એન.એસ.એસ. ની કલમ– ૨૭૧ અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ,એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.**

(૨) અપીલ સમય બાદ પ્રોહીબીશન મુદ્દામાલનો નિયમ અનુસાર નાશ કરવો. અન્ય મુદ્દામાલ અંગે અગાઉનો વચગાળાનો હુકમ (જો કોઈ હોય તો ) કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો મુળ માલિકને માલિકની ખરાઈ કરી પરત સોંપવો. મુદ્દામાલ રોકડ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ અપીલ કામના સમયગાળા દરમિયાન માટે **બી.એન.એસ.એસ– ૨૦૨૩ ની કલમ–૪૮૧** ની જોગવાઈ અનુસાર અંકે રૂ.૧૦ ,૦૦૦/– (અંકે રૂા. દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાતમુચરકો આપવા.

(૪) આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ આરોપીના વિ.વકીલશ્રી દ્વારા હાજરી મુક્તિનો રીપોર્ટ આપેલ છે અને હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય જેથી ચુકાદો જાહેર કરવામાં વિલંભ ટાળવા સારૂ હાલનો ચુકાદો બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ–૩૯૪ અન્વયે આરોપીની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ૦૯મી, માહેઃએપ્રીલ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ વિંછીયા.**
**તારીખઃ૦૯/૦૪/૨૦૨૬**

**(એસ.એન.મોદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ જયુડિશિયલ**
**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**